# ગુજરાત માહિતી બ્યુરો

## ગુજરાત સરકાર ગાંધીનગર

**૨૫ ઓકટોબર-૨૦૧૬** **સમાચાર સંખ્યા નં. ૧૧૨૧**

**ગુજરાતની ધરતી પરથી સમગ્ર માનવજાતના કલ્યાણ અને સશકત રાષ્ટ્રનિર્માણનો માર્ગ ઇન્ડીયન ઇન્સ્ટીટયુટ ઓફ પબ્લીક હેલ્થ-ગાંધીનગર દર્શાવશે: મુખ્યમંત્રીશ્રી**

.....

**દેશની સૌપ્રથમ પબ્લીક હેલ્થ ક્ષેત્રની યુનિવર્સિટીની સ્થાપનાનું ગૌરવ ગુજરાતને IIPH ગાંધીનગરનું મુખ્યમંત્રીશ્રીએ કર્યુ ઉદ્દઘાટન**

......

**પ્રિવેન્ટીવ હેલ્થકેર ક્ષેત્રે IIM જેવા મેનેજમેન્ટ તજ્જ્ઞો IIPH ગાંધીનગરમાં નિર્માણ થશેઃ શ્રી વિજયભાઇ રૂપાણી**

......

**ગુજરાતના આરોગ્ય સેવાના તબીબો-પેરામેડીકલ સ્ટાફ માટે IIPH ગાંધીનગરમાં માર્ગદર્શક તાલીમ પ્રશિક્ષણ કાર્યક્રમોનું આયોજન રાજ્ય સરકાર કરશે**

.......

મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ ગુજરાતની ધરતી પરથી સમગ્ર માનવજાતના કલ્યાણ અને સશકત રાષ્ટ્રનિર્માણનો માર્ગ ઇન્ડીયન ઇન્સ્ટીટયુટ ઓફ પબ્લીક હેલ્થ-ગાંધીનગર દર્શાવશે તેવો વિશ્વાસ વ્યકત કર્યો છે.

આ સંદર્ભમાં તેમણે કહ્યું કે પ્રિવેન્ટીવ હેલ્થકેર માટેનું કુશળ માનવસંશાધન અને નાવિન્યપૂર્ણ શોધ-સંશોધનોથી IIPH ગાંધીનગર અંતરિયાળ, ગ્રામીણ, છેવાડાના વિસ્તારોમાં આરોગ્ય સુખાકારી માવજત અને રોગ નિયંત્રણ માટેનું શ્રેષ્ઠતમ જાગૃતિ વાતાવરણ પુરૂ પાડશે.

શ્રી વિજયભાઇ રૂપાણીએ ગાંધીનગર નજીક લેકાવાડામાં ઇન્ડીયન ઇન્સ્ટીટયુટ ઓફ પબ્લીક હેલ્થ-ગાંધીનગરનું ઉદ્દઘાટન કર્યુ હતું. પચાસ એકર વિસ્તારમાં નિર્માણ પામેલી આ સંસ્થા ગ્રીન બિલ્ડીંગ કોન્સેપ્ટથી સજ્જ છે.

મુખ્યમંત્રીશ્રીએ ભારતભરમાં પ્રિવેન્ટીવ હેલ્થકેર ક્ષેત્રે સૌ પ્રથમ યુનિવર્સિટીનું નિર્માણ IIPHG દ્વારા ગુજરાતમાં થયું છે તેનો સંપૂર્ણ શ્રેય ગુજરાતને આરોગ્ય ક્ષેત્ર સહિત સર્વાંગીણ વિકાસથી દેશનું રોલ મોડેલ બનાવનારા દ્રષ્ટિવંત નેતૃત્વકર્તા તત્કાલિન મુખ્યમંત્રી અને વર્તમાન વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીને આપ્યુ હતું.

શ્રી વિજયભાઇ રૂપાણીએ સ્પષ્ટપણે જણાવ્યું કે, ઇન્ડીયન ઇન્સ્ટીટયુટ ઓફ પબ્લીક હેલ્થ, ગાંધીનગર આરોગ્ય માવજત-સુખાકારી અને પ્રિવેન્ટીવ હેલ્થકેરના ક્ષેત્રમાં પ્રતિષ્ઠિત વ્યવસ્થાપન સંસ્થા (IIM) ઇન્ડીયન ઇન્સ્ટીટયુટ ઓફ મેનેજમેન્ટ જેવા તજ્જ્ઞોનું નિર્માણ કરે તે માટે રાજ્ય સરકાર સંપૂર્ણ સહયોગ આપશે.

મુખ્યમંત્રીશ્રીએ એમ પણ જણાવ્યું કે, રાજ્યના આરોગ્ય સેવાના તબીબો, પેરામેડિકલ સ્ટાફને આ સંસ્થામાં માર્ગદર્શક તાલીમ-પ્રશિક્ષણના કાર્યક્રમો પણ યોજાશે.

તેમણે દેશભરમાંથી પોલિયો નાબૂદી, ટી.બી., શિતળા નાબૂદી માટે રસીકરણ અને પ્રિવેન્ટીવ હેલ્થકેરની ભૂમિકા આપતાં કહ્યું કે, રોગનિવારણ માટે સ્વચ્છ ભારત-કલીન ઇન્ડીયા પણ એક મોટી તાકાત બનવાની છે.

પ્રધાનમંત્રીશ્રીનું આ સ્વચ્છ ભારત અભિયાન પ્રિવેન્ટીવ હેલ્થકેર રોગ ઉદભવે જ નહિં તેવી શ્રેષ્ઠ સ્થિતીના પાયામાં રહેલું છે તેમ પણ તેમણે ઉમેર્યુ હતું.

મુખ્યમંત્રીશ્રીએ સૌના સ્વાસ્થ્ય-તંદુરસ્તીની સુદ્રઢતાથી સર્વગ્રાહી વિકાસનું શ્રી નરેન્દ્રભાઇ મોદીનું સપનું આ સંસ્થા જનજાગૃતિથી સાકાર કરશે તેવી અપેક્ષા દર્શાવી હતી.

...૨...

આરોગ્ય રાજ્યમંત્રી શ્રી શંકરભાઇ ચૌધરીએ પ્રિવેન્ટીવ કયોર માટેનું આગવું વિઝન આ ઇન્સ્ટીટયુટ મારફતે તત્કાલિન મુખ્યમંત્રીશ્રી અને વર્તમાન વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી વિકસાવીને ભારતમાં એક નવો રાહ બતાવ્યો છે તેમ ગૌરવ સહ જણાવ્યું હું.

તેમણે ખાન-પાન, રહન-સહનની રીતભાત બદલીને સ્વાસ્થ્યપ્રદ જીવનનો નવો કોન્સેપ્ટ આ પબ્લીક હેલ્થ ફાઉન્ડેશને વિકસાવ્યો છે તેની પ્રસંશા કરી હતી.

આ સંસ્થાન રોગનિયંત્રણ જ નહિ, રોગ થાય જ નહિ તેવા શોધ-સંશોધનોને વ્યાપક ફલક પર વિકસાવે તેવી આરોગ્યમંત્રીશ્રીએ હિમાયત કરી હતી.

શ્રી શંકરભાઇ ચૌધરીએ ફાસ્ટ લાઇફના આજના યુગમાં સમાજમાં સંક્રમિત થતા રોગો સામે ઉપચારાત્મક ઉપાયો કરતાં રોગ થાય જ નહિ તેવી પધ્ધતિનું સંયોજન એલોપેથી, હોમિયોપેથી, આયુર્વેદ, યોગ-નિયમ કસરતથી કરવાની પ્રેરણા આપી હતી.

પબ્લીક હેલ્થ ફાઉન્ડેશન ઓફ ઇન્ડીયાના અધ્યક્ષશ્રી નારાયણમૂર્તિજીએ પબ્લીક હેલ્થ ફાઉન્ડેશનના ઇતિહાસમાં આજના દિવસને સુવર્ણ દિવસ ગણાવ્યો હતો.

શ્રી નારાયણમૂર્તિએ અન્ય વિકસીત દેશોની તુલનાએ ભારતમાં જાહેર આરોગ્ય ક્ષેત્રની તુલનાત્મક ટકાવારીનો સંદર્ભ આપતાં જણાવ્યું કે, આપણે આપણા આરોગ્ય કાર્યક્રમોને પધ્ધતિસરના અને જનહિતને સ્પર્શતા બનાવવા આવશ્યક છે.

સમાજમાં આરોગ્ય માવજત સાથે સ્વચ્છતા, પબ્લીક હેલ્થ ક્ષેત્રે તાલીમબધ્ધ માનવબળ નિર્માણ અને વ્યાપક જનજાગૃતિ માટે આ સંસ્થાન એક ઉત્કૃષ્ટ સેન્ટર ઓફ એકસલન્સ બનશે તેમ તેમણે જણાવ્યું હતું. આ સંસ્થા રાજ્ય સરકારના સહયોગથી આકાર પામીને જાહેર આરોગ્ય સુખાકારી, ગ્લોબલ વોર્મિંગ, કલાયમેટચેન્જના ક્ષેત્રોમાં નાવિન્યપૂર્ણ સંશોધનો કરી સમાજોપયોગી સમયાનુકુલ કાર્યો કરે છે તેનો હર્ષ તેમણે વ્યકત કર્યો હતો.

અહિંના તજ્જ્ઞો-તાલીમ પ્રાપ્ત યુવાઓ મેડીકલ ક્ષેત્રે થિંક ટેન્ક બને તેવી અપેક્ષા તેમણે દર્શાવી હતી.

પી.એચ.એફ.આઇ.ના પ્રમુખ, પ્રોફ. કે. શ્રીનાથ રેડ્ડી, એ જણાવ્યું કે IIPH ગાંધીનગર રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય આરોગ્ય સંગઠનો તેમજ વિશ્વના બીજી સંસ્થાઓ જોડે સંપર્કમાં રહી જાહેર આરોગ્ય શિક્ષણ અને સંશોધનમાં શ્રેષ્ટતા મેળવશે. અહિં વિવિધ પ્રકારના વિષયોનું શિક્ષણ અપાશે જેનાથી વાસ્તવિક માર્ગ ખુલશે જેથી આરોગ્ય સંબંધિત કાર્યક્રમોનું આયોજન તેમજ તેનું અમલીકરણ કરવામાં મદદરૂપ થશે.

Director IIPH ગાંધીનગર પ્રોફ. દિલીપ માવલંકર, એ પ્રાસંગિક પ્રવચનમાં ગુજરાત સરકારનો આ કેમ્પ્સ માટે જમીન ફાળવવા માટે આભાર વ્યકત કર્યો હતો. આ સંસ્થાના શિક્ષકો દ્વારા રાજય, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ સાથે આધારભૂત વિવિધ આરોગ્ય પધ્ધતિ અને એડવોકસી એકટીવીટીઝ સાથે અસરકારક રીતે સંકળાયેલા છે તેની વિગતો આપી હતી.

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઇ મોદી અને કેન્દ્રીય આરોગ્ય મંત્રી શ્રી જે. પી. નડ્ડા પાઠવેલા શુભેચ્છા સંદેશનું પઠન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે દાતા ખેમકા પરિવાર, ડો. શાહ પરિવાર, સંસ્થાના ચેરમેન અને પૂર્વ મુખ્યસચિવ શ્રી સુધિર માંકડ, આરોગ્ય અગ્રસચિવ શ્રી પંકજકુમાર, શ્રી જે. પી. ગુપ્તા તેમજ પબ્લીક હેલ્થ ક્ષેત્રે સંકળાયેલા આમંત્રિતો અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

પી.આર.ઓ./માનવાલા .......